


ડીસા શહેરમાં આવેલ મામલતદાર રોડ નજીક ઝઘડીયા હનુમાન મંદિર પ્રથમવાર સ્થાપના દુકાન દારો દ્વારા સ્થાપન કરાયેલ ગણપતિ દાદાની મનમોહક પ્રતિમાનું ગઈકાલે વાજતે ગાજતે સંગીત સુરો વચ્ચે ભાવિક ભક્તો દ્વારા વિશ્વેશ્વર ધામે વિસર્જન કરાયું હતું. રેલ્વે સ્ટેશન પુર ગ્રસ્ત કોલોનીમાં આવેલ મહાકાળી માતાના મંદિર ગણપતિ દાદાની સ્થાપના કરાઈ હતી. જેમાં ચોથથી દસમ સુધી ગરબાનું આયોજન કરાયું હતું. ગતરોજ શરણાઈ સુરે જળ ઝીલણી એકાદશીની શોભાયાત્રામાં જોડાઈ ત્યારબાદ સાંજે ગણપતિદાદાનું વિસર્જન કરાયું હતું. ડીસા પાલનપુર હાઈવે પર આવેલ ક્રિષ્ણા કાઠીયાવાડી હોટલ પાસે નર્મદેશ્વર મહાદેવના મંદિર ગોપાળ સેના દ્વારા દર વર્ષે ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં સાતમની રાત્રે ભવ્ય લોક ડાયરો યોજાયો હતો. જેમાં ભક્તિ શક્તિના અનેરા સંગમ થકી ભક્તિરસની સરવાણી વહાવાઈ હતી. ગતરોજ છેલ્લા દિવસે ગણપતિ દાદાની વાજતે ગાજતે વિસર્જન કરાયું હતું. જેમાં ગોપાળ સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# દાંતીવાડા કોલોની ખાતે ગણપતિ બાપાની મહાઆરતી કરાઈ

દાંતીવાડા, તા.૧૫

દાંતીવાડા તાલુકામાં આવેલ કોલોની તૃપ્તીનગર ખાતે સિધ્ધિ વિનાયક બાપાનો મહાઆરતીનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાત્રીનો ભવ્ય નજારો રોશનીથી જગમગી ઉઠયો હતો. લોકોના ટોળે ટોળા ઉમટયા હતા.

માહિતી મુજબ કોલોની તૃપ્તિનગર મહોત્સવ ગ્રુપ દ્વારા ગઈ કાલે રાત્રીના ૯ વાગ્યાના સમયે ૧૧૦૦ દીવાની શ્રી સિધ્ધિ વિનાયક બાપાની મહાઆરતીનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. લોકોના ખૂબ જ મોટી સંખ્યામાં ટોળે ટોળા ઉમટેલા જોવા મળ્યા હતા. બાપાની મહાઆરતી બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું. તૃપ્તિનગરના ઉત્સુક યુવાનો દ્વારા રાસગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગરબામાં નાના બાળકો, જવાનો તો કયાંક ઘરડા વડીલો પણ ગરબામાં ઘુમતા જોવા મળ્યા હતા. સર્વે આયોજનનું સંચાલન તૃપ્તિનગરના ઉત્સુક એવા નાના મોટા યુવકો દ્વારા વડીલોને સાથે રાખીને કરવામાં આવ્યું હતું. આયોજનમાં આવનાર મીડિયા પ્રતિનિધિઓનો પણ તૃપ્તિનગર મહોત્સવ ગ્રુપ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# જિલ્લાભરમાં હિન્દવાપીર બાબા રામદેવને નવકળી નેજા ચડાવાયા

ડીસા, તા. ૧૫

રાજસ્થાનના ઋણિચા ધામમાં હાજરા હજૂર અને અપરંપાર પરચા પુરનારા હિન્દાવાપીર બાબા રામદેવના પાવન ધામ રણુંજા ખાતે દર વર્ષે લાખ્ખોની સંખ્યામાં દૂર દૂરથી ભાવિક ભક્તો નેજા સાથે પગપાળા યાત્રાએ આવે છે. ત્યારે ગતરોજ ભાદરવા સુદ-૯ના પાવન દિને રાજસ્થાન રણુંજ ધામે મહામેળો ભરાય છે. અને ભાવિક ભક્તો દ્વારા નવકળી નેજા ચડાવાય છે. જે અનુસંધાને બનાસકાંઠા જિલ્લામાં પણ ગતરોજ ભાવિક ભક્તો દ્વારા ડીજેના તાલે રમતા ઝુમતા બાબાના વિવિધ મંદિરોએ હરખભેર બાબા રામદેવપીરની આરતી, પુજા બાદ ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં મોટા પ્રમાણ ભાવિકોએ દર્શન પ્રસાદનો લાભ લીધો હતો.



જેમાં ડીસા શહેરના હાર્દસમા નવા બસ સ્ટેન્ડની સામે રાણપુર જવાના માર્ગ પર બનાવાયેલ સંગે મરમરના બાબા રામદેવ પીરના મંદિરે વહેલી સવારે સમગ્ર નગરની પરિક્રમા બાદ વાજતે ગાજતે ઢોલ નગારા અને અબિલ ગુલાબની છોળો વચ્ચે નેજા ચડાવાયા હતા. તદપરાંત શહેરના વિવિધ નાના-મોટા રામદેવપીરના મંદિરો પર તેમજ રહેણાંક વિસ્તારમાં લીમડાના ઝાડ પર ભારે હર્ષોલ્લાસ અને ભક્તિ ભાવ પૂર્વક નેજા ચડાવી બાબા રામદેવ પીરના આશિષ મેળવ્યા હતા.

જિલ્લાના ડીસાના અંતરિયાળ વિસ્તાર ભોપાનગર, રાજપુર, પાલનપુર, ધાનેરા, અંબાજી, દાંતા, વડગામ, શિહોરી, થરાદ, લાખણી, લાલપુર, વાવ, દિયોદર, ભાભર તેમજ અન્ય સ્થળોએ ભાવિક ભક્તો દ્વારા બાબા રામદેવ પીરના મંદિરે નેજા ચડાવાયા હતા.



વેપારી મથક ડીસા શહેરમાં દર વર્ષે ભાદરવા સુદ અગિયારસના દિવસે જલઝીલણી એકાદશીની વિશાળ શોભાયાત્રા યોજાયી છે. આ શોભાયાત્રામાં ભગવાનની શાહી સવારી નગરમાં પરીભ્રમણ કર્યા બાદ બનાસ નદીના તટ પર પહોંચે છે.જયાં ભગવાનને સ્નાન વિધિ કરાવી આ શોભાયાત્રા મંદિરે પરત ફરે છે. દર વર્ષની જેમ ગતરોજ ડીસામાં યોજાયેલી જલઝીલણી એકાદશીની વિશાળ શોભાયાત્રા પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ડીસા ખાતે શોભતાં રીસાલેશ્વર મહાદેવજીના મંદિરેથી પ્રારંભાયેલી આ શોભાયાત્રાને મંદિરના મહંત તેમજ અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં વિધિવત રીતે પ્રસ્થાન કરાવ્યું હતું. દરમ્યાન આ શોભાયાત્રા જેમ જેમ આગળ વધી તેમ તેમ વિવિધ વિસ્તારોમાંથી ગણેશજીની વિસર્જન યાત્રાઓ પણ આ શોભાયાત્રા સાથે જોડાતાં ભગવાન શ્રીકૃષ્ણ તેમજ દુંદાળાદેવ ગણેશજીના જયનાદથી ડીસા શહેરનું ગગન ગાજી ઉઠ્યું હતું. ગતરોજ બપોરે ડીસાના રીસાલા ચોકમાંથી નિકળી નગરના મુખ્ય માર્ગો પર ફરેલી આ શોભાયાત્રામાં વાહનોના કાફલા ઉપરાંત અન્ય ઝાંખીઓ પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ શોભાયાત્રા સાથે ગણેશજીની વિસર્જન યાત્રાઓ પણ જોડાયા બાદ દુંદાળા દેવને ભાવભરી વિદાય અપાઈ હતી. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# જાદરમાં ત્રિ દિવસીય લોકમેળાનો શુભારંભ

ભારતીય સંસ્કૃતિમાં આગવું મહત્વ છે. પરંપરાગત રીતે યોજાતા મેળામાં લોકોની ભારે ભીડ જોવા મળે છે. ત્યારે ઈડર તાલુકાના જાદર ગામમાં આવેલ ડેભોલ નદી કિનારે ભાદરવા સુદના બીજા સોમવારથી યોજાતા ત્રિ દિવસીય મેળામાં વિવિધ ચક્કડોળ, મોતનો કૂવો, ઘર વપરાશની ચીજવસ્તુઓ સહિત લોકો માટે ધ્યાન આકર્ષક બનશે. દિવસ અને રાત્રે ચાલનાર લોકમેળામાં અનેક લોકોએ આવી દર્શનનો લાભ લેવાનું શરુ કર્યું છે. આ અંગેની વિગત એવી છે કે પરંપરાગત રીતે યોજાતા મેળામાં ઈડર ઉપરાંત અનેક તાલુકાના લોકો મેળાની મોજ માણવા આવી પહોંચશે. જાદર ગ્રામ પંચાયત દ્વારા ડેભોલ નદીના કિનારે આવેલ જગ્યા પર વિશાળ સમીયાણો બાંધી નાના સ્ટોલ ઉભા કરવામાં આવે છે. વેપારીઓ દ્વારા ઘર વપરાશની ચીજવસ્તુઓ, ખાણી પીણીની ચીજવસ્તુઓ, રમકડા, ચકડોળ, મોતનો કૂવો સહિતના સ્ટોલ લોકોએ આનંદનો માહોલ ઉભો કરશે.

વિવિધ ચકડોળ, મોતનો કૂવો, ધ્યાન આકર્ષક બનશે. લોકમેળાનું

# અંબાજી માર્ગો પર સેવા કેમ્પોનો ધમધમાટ શરૂ

અંબાજીમાં મહામેળાનો શુભારંભ થઈ ગયો છે. માઈભક્તો અંબાજીના માર્ગો પર જય મારી અંબે જય જય અંબેના નાદ સાથે આગળ વધી રહ્યા છે. તેમની સેવા માટે ઠેર ઠેર સેવા કેમ્પો ગોઠવવામાં આવ્યા છે.

અંબાજીના માર્ગો પર ઠેર ઠેર સેવાકેમ્પોનો શુભારંભ થઈ ગયો છે. પદયાત્રિકો માટે ગરમાગરમ ભોજન, નાસ્તો, ચા-પાણી તેમજ મેડીકલ અને આરામની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ભાદરવા મહીનાની કાળઝાળ ગરમી વચ્ચે પણ પદયાત્રિકો અંબાજીના માર્ગ પર આગળ વધી રહ્યા છે. જેના કારણે અંબાજીના માર્ગો માઈ ભક્તોથી જીવંત બની ગયા છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)





# અંબાજીના માર્ગો પર ચાલી રહેલા લાખો માઈ ભક્તો

# અંબાજી દુર હૈ... જાના જરૂર હૈ...

યાત્રાધામ અંબાજીમાં ચાલતા ભાદરવી પૂનમના મેળાની હવે શાનદાર જમાવટ થઈ રહી છે. અમદાવાદથી અંબાજી સુધીના તમામ રસ્તાઓ ઉપર લાખો ભાવિકો પદયાત્રા દ્વારા અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. અંબાજી વિસ્તારના અરવલ્લીના ડુંગરાઓમાં જાણે ભક્તિરસ હિલોળે ચડ્યો છે. ઠેર ઠેર ગરબાઓની રમઝટ, જય અંબેના જયઘોષ, ઘણા યાત્રિકોના માથે ચુંદડી, હાથમાં ધજાઓ અને વિવિધ સેવા કેમ્પો ઉપર મોટા અવાજે ગુંજતા માતાજીના ગરબાથી સમગ્ર પંથક માં અંબેમય બની રહ્યું છે. દુર દુરથી આવતા યાત્રિકો બધુ ભુલીને માતાજીની ભક્તિમાં લીન જણાય છે. અંબાજી દુર હૈ... જાના જરૂર હૈ... બોલતા જોશ અને ઉત્સાહભેર અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. મંદિર પરીસરમાં પ્રવેશતાં જ જાણે યાત્રાની ચરમસીમા આવતી હોય તેમ દર્શનાર્થીઓ બહુ જ ભક્તિભાવપૂર્વક માતાજીના ચરણમાં મસ્તક ઝુંકાવી ધન્યતાનો અનુભવ કરતા હોય છે. ઘણા શ્રદ્ધાળુઓ મંદિરના શિખર અને ધજા તેમજ મંદિરમાં પ્રવેશી દર્શન કરી હર્ષના આંસુઓ વહાવતા પણ જોવા મળ્યા હતા. પદયાત્રા કરીને અંબાજી આવીને મંદિરના શિખર ઉપર જય અંબેના જયઘોષ સાથે ધજા ચઢાવાતી હોય ત્યારે ભક્તોનો ઉત્સાહ જોવા જેવો હોય છે. ચાચર ચોકમાં જમીન ઉપર મસ્તક મુકી માતાજીને સમર્પિત થવાની તે પવિત્ર ક્ષણો જોઈને ધન્યતાનો પણ અહેસાસ થતો હોય છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## જય અંબેના જયઘોષ સાથે અંબાજી તરફ આગળ વધતા પદયાત્રિકો : અરવલ્લી ડુંગરાઓમાં હિલોળે ચઢ્યો ભક્તિરસ

